અપીલ અરજી નં. ૬૭૧ તા.૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(કતારગામ ઝોન)
ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) આસના એન્ટરપ્રાઈઝની બાજુમાં રામપુરા રામબાગ,પટેલવાડી, લાલ દરવાજા મેઈન રોડ(૨) રાધે કોમ્પલેક્ષની બાજુમાં, વિહાર સોસાયટી, જે.કે.પી.નગરની આગળ પશ્ચિમ તરફ, કતારગામ સીંગણપોર રોડ (૩) સરિતા સોસાયટી, વિનોદ મોટર્સ, જહાંગીરપુરા રાંદેર રોડ વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) આસના એન્ટરપ્રાઈઝની બાજુમાં રામપુરા રામબાગ,પટેલવાડી, લાલ દરવાજા મેઈન રોડ(૨) રાધે કોમ્પલેક્ષની બાજુમાં, વિહાર સોસાયટી, જે.કે.પી.નગરની આગળ પશ્ચિમ તરફ,કતારગામ સીંગણપોર રોડ (૩) સરિતા સોસાયટી, વિનોદ મોટર્સ, જહાંગીરપુરા રાંદેર રોડ વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન/આઉટ નં./૮૩૬૩ તા. ૨૮–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી, ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૧૧૩૫ તા. ૦૩–૦૩–૧૨ થી મળેલા પ્રતિભાવથી તથા સેન્ટ્રલઝોન તરફથી કોઈ પણ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને નિયમ ૩ અને ૫ અનુસારનો ફીનો પત્ર નહીં હોઈ તે અંગે વિગત સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કલમ–૭(૧) અને ૭(૩)નું પાલન ન કરી વિલંબીત પત્ર અંગે સ્પષ્ટતા સહ વિગતો મોકલવા પત્ર નં. આરટીઆઈસેલ/ ૨૦૦૭ તા.૧૬–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(કતારગામ ઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારને માહિતીની વિગત આધારે જાહેર માહિતી અધિકારી દીઠ કયા મુદ્દાની શું માહિતી છે તે જાણી શકાય તેમ હોવા છતાં જાહેર માહિતી અધિકારીદીઠ, મુદ્દાદીઠ નારજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૫૫ તા.૯–૪–૧૨ થી નોંધ વિભાગ, પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૨૧૦ તા.૨–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી (કતારગામ/રાંદેરઝોન) ને તબદીલ પત્રની નકલ ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૭૭૦ તા.૨૮–૩–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૬૪ તા.૧૩–૪–૧૨થી તબદીલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૧૧૩૫ તા.૩–૩–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં. ૮૩૬૩ તા. ૨૮–૨–૧૨ની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧–૨–૧૨ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૨૨૧૦ તા.૨–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી (કતારગામ/રાંદેરઝોન) ને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં./૨૭૭૦ તા.૨૮–૩–૧૨ થી અરજદારને સમય અવધિબાદ માહિતી પુરી પાડેલ. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૧૧૩૫ તા.૩–૩–૧૨ થી અરજદારને સમય અવધિબાદ માહિતી પુરી પાડેલ. જે અંગે અરજદારની અરજીમાં (૧) આસના એન્ટરપ્રાઈઝની બાજુમાં રામપુરા રામબાગ, પટેલવાડી, લાલ દરવાજા મેઈન રોડ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર બાબતે તેમના ધ્વારા ચોકકસ વોર્ડ નંબર અને મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવશે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.
(૨) રાધે કોમ્પલેક્ષની બાજુમાં, વિહાર સોસાયટી, જે.કે.પી.નગરની આગળ પશ્ચિમ તરફ,કતારગામ સીંગણપોર રોડ

(૩) સરિતા સોસાયટી, વિનોદ મોટર્સ, જહાંગીરપુરા રાંદેર રોડ, જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી સદર જગ્યાએ હાલમાં બાંધકામ ચાલુ છે તેની કાયદેસરતા, પરવાનગી, માળ, ક્ષેત્રફળ, રજાચિઠ્ઠી સહિતની સંપૂર્ણ માહિતી માટે મંજુર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલનાં રૂા.૧૩૭/– રાંદેરઝોનની કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. સ્થળ પર રજાચિઠ્ઠીની નકલ ડીસ્પ્લે કરવાનો ઉલ્લેખ રજાચિઠ્ઠીમાં કરવામાં આવેલ હોય છે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.
(૪) શ્રી ગોપાલવિલા, મહાલક્ષ્મી પોળ, વાઘેશ્વરી માતાની પોળની સામે, સોની ફળિયા, સુરત. ઉપરોકત જગ્યાએ હાલમાં બાંધકામ ચાલુ છે, તેની કાયદેસરતા,પરવાનગી, માળ,ક્ષેત્રફળની, રજાચિઠ્ઠી સહિતની સંપૂર્ણ માહિતી, તથા આ ચાર સ્થળે સ્થળ ઉપર રજા–ચિઠ્ઠી ડીસ્પ્લે કરાવેલ હોય ન કરાવેલ હોય તેની આધારપુરાવા સહિતની સંપૂર્ણ માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી શ્રી ગોપાલવિલા, મહાલક્ષ્મી પોળ, વાઘેશ્વરી માતાની પોળની સામે, સોની ફળિયામાં આવેલ મિલ્કત વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૮૨૭ વાળી મિલકતના પ્લાન સે.ઝોન/આ.નં.૬૫, તા.૨૧–૬–૨૦૧૦ થી મંજુર કરવામાં આવેલ છે. જેમાં ગ્રા.ફલોર પાર્કીંગ, પ્રથમ,બીજો તથા ત્રીજો માળ રહેઠાણ તરીકે મંજુર કરવામાં આવેલ છે. જેનું રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૧૨૫.૪૧ ચો.મી. છે. જેમાં કુલ ૧૯૯.૯૫ ચો.મી. ક્ષેત્રફળમાં બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે. વધુમાં સ્થળ પર રજાચિઠ્ઠી ડીસ્પ્લે કરાવેલ હોવા અંગેની કોઈ વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી. તેવું સમય અવધિ બાદ જણાવેલ. સાથે પૂરક પત્રથી અપીલ તબક્કે તા. ૯–૪–૧૨ના પત્રથી એમ પણ જણાવેલ છે કે ગુમાસ્તાધારા તથા આકારણી વિભાગમાંથી માહિતી મેળવી પુરી પાડવામાં આવેલ જેથી વિલંબ થયેલ. જે સુચવે છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી આપવા પ્રયત્ન કરેલ છે.
(૫) નોર્થઝોન (કતારગામ), વેસ્ટઝોન (રાંદેર) અને સેન્ટ્રલઝોન, ધ્વારા છેલ્લા એક વર્ષ ૨૦૧૧ માં ગેરકાયદે બાંધકામ ધારકોને આપેલ નોટિસો આપ્યા બાદ આજસુધી થયેલ કાર્યવાહીની માહિતી, અને જો આ બાબતે જે તે નોટિસ સંદર્ભે કોઈ કાર્યવાહી જો ન થવા પામેલ હોય તો આ બાબતે કાર્યવાહી કરવાની જવાબદારી જે તે અધિકારીઓની થતી હોય તેવા જે તે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા અને સરનામાં સહિતની સંપૂર્ણ માહિતી. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ગેરકાયદેસર બાંધકામ બાબતે કુલ ૫૪ નોટીસ પાઠવવામાં આવેલ છે. વધુમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તે માટે સંબંધિત કર્મચારીઓની જવાબદારી રહે છે. જેની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** પરથી મળી શકશે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.

જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન રાંદેર ધ્વારા છેલ્લા એક વર્ષ ૨૦૧૧ માં ગેરકાયદેસર બાંધકામ ધારકોને આપેલ નોટિસોની નકલો સહિતની માહિતી તથા તે નોટિસો આપ્યા બાદ આજ સુધી થયેલ કાર્યવાહીની માહિતી અંગેની નકલનાં રૂા.૧૨૨/– રાંદેર ઝોનની કચેરીએ ભર્યેથી મળી શકશે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.

જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તરફથી પત્ર નં.નોર્થઝોન/આઉટ/નં.૮૩૬૩ તા.૨૮–૨–૧૨ થી માંગેલ માહિતી માટે રૂા.૧૫૦/– (અંકે રૂપિયા એકસો પચાસ પુરા) જમા કરાવવાનું ફરમાવવામાં આવે છે. નોર્થઝોનની કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી/દસ્તાવેજોની નકલ મેળવી લેવા વિનંતી છે. પત્ર મળ્યેથી દિન–૭ (સાત) માં સદર નાણાં જમા કરાવવા વિનંતી. ત્યારબાદ સદર માહિતીની જરૂર ન હોવાનું સમજીને તેમની અરજી દફતરે કરવામાં આવશે. (૧) પાનાની કુલ સંખ્યા ૭૫ × A/3 અથવા A/4 સાઈઝના પાના દીઠ રૂા. ૧૫૦/– તેવુ સમય અવધિમાં જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન/આઉટ નં./૮૩૬૩ તા. ૨૮–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી, ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૧૧૩૫ તા. ૦૩–૦૩–૧૨ થી મળેલા પ્રતિભાવથી તથા સેન્ટ્રલઝોન તરફથી કોઈ પણ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ દરમ્યાન (૧)જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન ધ્વારા રૂા.૧૫૦/– મંગાવેલ છે તે કયા મુદ્દા માટે અને કઈ માહિતી એટલે કે મુદ્દા નં૧,૨,૪ અને ૫ કઈ માહિતીના પાના થાય છે તે ન જણાવ્યુ હોવાના કારણો. (૨) પત્ર નં.૧૧૩૫ સમયમર્યાદા પછી લખાયો હોવાથી તે પત્ર તેમને તા.૭–૩–૧૨ ના રોજ મળ્યો હોવાનું જણાવેલ. (૩) માહિતીની ફી તેઓના જ સિવિક સેન્ટરમાં ભરાવી અરજી આપી હોવા છતાં મુદ્દા નં.૪ ની તેઓની માહિતી કે કોઈ પ્રત્યુત્તર ન મળવા અંગે જણાવેલ.

જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ના પ્રસ્તાવ અનુસાર આપવાની થતી માહિતીના પાનાની સંખ્યા તથા દસ્તાવેજી ફી પણ જણાવેલ છે. જે મુજબ અરજદાર નાણાં ભરી માહિતી મેળવવી રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.૧–૨–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તરફથી માહિતી આપવાનો પત્ર નિયત સમય અવધિબાદ પાઠવેલ હોય જેથી જે આરટીઆઈની કલમ–૬(૧) અને ૭(૩) સાથે સુસંગત ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશનર અને ત. જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) ને જણાવવામાં આવે છે.''

જયારે જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ધ્વારા નિયત સમય અવધિમાં અરજદારને તેમના ઝોનના સ્પર્શતા પ્રશ્નોની માહિતી અંગે પ્રસ્તાવ કરેલ હોય આરટીઆઈની કલમ ૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયત ફી ભરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૭૭૦ તા.૨૮–૩–૧૨ થી સમય અવધિબાદ માહિતી પુરી પાડેલ હોય તેથી તે અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. જયારે સેન્ટ્રલઝોન ધ્વારા નહીં પુરી પાડેલ મુદ્દા નં. ૧ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબ વિગતો સ્પષ્ટ કરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વંતત્ર છે.

(સી.વાય ભટ્ટ)
ડે.કમિશનર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી(કતારગામ ઝોન), ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિશનર અને ત.જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,